# રાત્રિભોજન – અન્ય દર્શનમાં નિષેધ

શ્રી જિનશાસન જેટલી સૂક્ષ્મતા ભલે અન્ય દર્શનમાં ન હોય, પરંતુ અન્ય દર્શન પણ રાત્રિભોજનમાં અસંખ્ય જીવોની હિંસાને સ્વિકારે છે અને તેને મહાપાપ પણ કહે છે. તદોપરાંત રાત્રિભોજનને તેઓ નરકનો નેશનલ હાઈવે નંબર એક ગણાવે છે અને તેઓ રાત્રિભોજન કરનારના જપ-તપ-તીર્થયાત્રાદિ રૂપ સત્કાર્યો (પુણ્ય) નિષ્ફળ જાય છે એવું પણ જણાવે છે.

વર્તમાન પરિસ્થિતિમાં કદાચ ધર્મગુરુઓ એમને શાસ્ત્રની સત્ય વાતથી વાકેફ ન પણ કરતાં હોય અથવા અંધારામાં પણ રાખતા હોય; પણ એટલા માત્રથી રાત્રિભોજનમાં પાપ લાગતું બંધ થઈ જતું નથી અને રાત્રિભોજન, સેવ્ય બની જતું નથી.

આસ્તિક દર્શનો અને યોગ દર્શન પણ રાત્રિભોજનને પાપ અને અભક્ષ્ય જ દર્શાવે છે અને તેના ત્યાગ માટે જ પ્રોત્સાહિત કરે છે. તેઓ એક મહિનાના રાત્રિભોજન ત્યાગનું ફળ પંદર નકોરડા ઉપવાસ (ફરાળ વગરના ઉપવાસ) જેટલું પુણ્ય જણાવેલ છે અને એક વખતનું રાત્રિભોજનનું પાપ સેંકડો ચાંદ્રાયણ તપથી પણ શુદ્ધ ન થઈ શકે એટલું જણાવેલ છે.

**રાત્રિભોજન વિશે ગ્રંથોના આધાર :**

**चत्वारो नरकद्वारा, प्रथमं रात्रिभोजनम् ।**
**परस्त्रीगमनं चैव, सन्धानानन्तकायिके ।।    पद्मपुराण-प्रभासखंड.**

નરકના ચાર દરવાજા છે:- ૧. રાત્રિભોજન ૨. પરસ્ત્રીગમન ૩. બોળ અથાણું અને ૪. અનંતકાય (કંદમૂળ) નું ભક્ષણ.

અર્થાત્ જેઓ આ ચાર પાપથી નિવૃત્ત નથી થતાં તેઓની નરકમાં જવાની સંભાવનાઓ અત્યંત અધિક છે કે જ્યાં અનંતા દુ:ખો

ભોગવવા પડે છે. નરકનું જઘન્ય (ઓછામાં ઓછું = MINIMUM) આયુષ્ય ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટ (વધારેમાં વધારે = MAXIMUM) આયુષ્ય ૩૩ સાગરોપમનું (અસંખ્યાત કાળનું) છે અને ત્યાં દરેક સમયે (કાળનો નાનામાં નાનો અંશ) અનંતુ દુ:ખ છે કે જેનું વર્ણન કરવું પણ શક્ય નથી.

**मद्यमांसाशनं रात्रौ - भोजनं कंदभक्षणम् ।**
**ये कुर्वन्ति वृथास्तेषां, तीर्थयात्रा जपस्तप: ।। महाभारत (ऋषीश्वरभारत)**

જેઓ મદિરા-દારૂ, માંસ, રાત્રિભોજન અને કંદમૂળનું ભક્ષણ કરે છે તેમના તીર્થયાત્રા, જપ-તપાદિ અનુષ્ઠાનો નિષ્ફળ જાય છે.

અર્થાત્ રામાયણની જેમ મહાભારતમાં પણ મદિરા-દારૂ, માંસ, રાત્રિભોજન અને કંદમૂળના ત્યાગનો જ ઉપદેશ આપેલ છે.

**अस्तंगते दिवानाथे, आपो रूधिरमुच्यते ।**
**अन्नं मांससमं प्रोक्तं, मार्कण्डेयमहर्षिणा ।। मार्कण्डेयपुराण**

માર્કન્ડેયમહાઋષિ જણાવે છે કે સૂર્યાસ્ત પછી પાણી પીવું એ લોહી પીવા બરાબર છે અને અન્ન ખાવું તે માંસ ખાવા બરાબર છે.

**मृते स्वजनमात्रेऽपि, सूतंक जायते किल ।**
**अस्तंगते दिवानाथे, भोजनं किमु क्रियते ? ।।**

સ્વજનનું મૃત્યુ થતાં સૂતક લાગે છે, તો પછી સૂર્યાસ્ત પછી ભોજન કેમ કરાય?

અર્થાત્ સ્વજનનું મૃત્યુ થતાં જ્યાં સુધી પ્રેત ઘરમાં હોય ત્યાં સુધી કોઈ ભોજન કરતું નથી તો જ્યારે સૂર્યદેવ અસ્ત થઈ જાય છે ત્યાર પછી ભોજન કેમ કરાય? અર્થાત્ રાત્રિભોજન કેમ કરાય?

**मद्यमांसाशनं रात्रौ-भोजनं कंदभक्षणम् ।**
**भक्षणात् नरकं याति, वर्जनात् स्वर्गमांप्नुयात् ।।**

મદિરા, માંસ, રાત્રિભોજન અને કંદમૂળનું ભક્ષણ જે કરે છે તે નરકમાં જાય છે. અને તેનો ત્યાગ કરે તે સ્વર્ગમાં જાય છે.

**ये रात्रौ सर्वदाऽऽहारं, वर्जयन्ति सुमेधसः ।**
**तेषां पक्षोपवासस्य, फलं मासेन जायते ।।**

જે પુણ્યાત્મા રાત્રે સર્વ આહારનો ત્યાગ કરે છે તેને એક માસ (મહિના) માં એક પક્ષ (૧૫ દિવસ) ના ઉપવાસનું ફળ પ્રાપ્ત થાય છે.

અર્થાત્ રામાયણ, મહાભારતની જેમ માર્કન્ડેયપુરાણ માં પણ મદિરા-દારૂ, માંસ, રાત્રિભોજન અને કંદમૂળના ત્યાગનો જ ઉપદેશ આપેલ છે. અને તેનું ફળ ૧૫ દિવસ ના ઉપવાસ સમાન અને તેના કારણે સ્વર્ગપ્રાપ્તિ પણ જણાવેલ છે.

**नोदकमपि पातव्यं रात्रावत्र युधिष्ठिर ।**
**तपस्विना विशेषेण, गृहिणा च विवेकिना ।। मार्कंड पुराण अ.३0श्लोक २२.**

હે યુધિષ્ઠિર ! તપસ્વીઓએ તો ખાસ અને વિવેકી ગૃહસ્થોએ પણ રાત્રે પાણી શુદ્ધા ન પીવું જોઈએ.

અર્થાત્ રાત્રિભોજનના ત્યાગ ઉપરાંત સર્વે જનોએ અને ખાસ કરીને તપસ્વીજનોએ રાત્રે (સૂર્યાસ્ત પછી) પાણીનો પણ ત્યાગ કરવો આવશ્યક છે.

**त्वया सवमिदं व्याहतं, ध्येयोडसि जगतां रवे !**
**त्वयि चास्तमिते देव ! आपो रुधिरमुच्यते !! कपोलस्त्रोत्र श्लो.२४-स्कन्द पुराण**

હે સૂર્યદેવ ! આપથી સર્વ જગત વ્યાપ્ત છે, અને આપ જગતને ધ્યાન કરવા યોગ્ય છો. માટે હે દેવ ! આપના અસ્ત થયા બાદ પાણી પણ લોહી બરાબર ગણાય છે.

અર્થાત્ રાત્રિભોજનના ત્યાગ ઉપરાંત સર્વે જનોએ પાપથી બચવા સૂર્યાસ્ત પછી પાણીનો પણ ત્યાગ કરવો આવશ્યક છે.

**नक्तं न भोजयेद्यस्तु, चातुर्मास्ये विशेषत: ।**
**सर्वकामानवाप्नोति, इहलोके परत्र च ।।योगवाशिष्ठ पूर्वार्ध श्लो.१०८**

જેઓ રાત્રિભોજન કરતાં નથી અને ચતુર્માસમાં તો ખાસ રાત્રિભોજનનો ત્યાગ કરે છે, તેઓના આ ભવ તથા પરભવના સર્વ મનોરથો સિદ્ધ થાય છે.

**एकभक्तशनान्नित्यमग्निहौत्रफलं लभेत् !**
**अनस्तभोजनो नित्यं, तीर्थयात्रफलं भवेत् !! स्कंन्दपुराण स्कन्द ७ अ.११ श्लो.२३५.**

જેઓ નિત્ય એકવાર જ ભોજન કરે છે તેઓને અગ્નિહોત્રના ફળનો લાભ થાય છે. અને જેઓ નિત્ય સૂર્યાસ્ત પૂર્વે જ ભોજન કરે છે તેને તીર્થયાત્રાનું ફળ પ્રાપ્ત થાય છે.

**चातुर्मास्ये तु सम्प्राप्ते, रात्रीभोज्यं करोति य: ।**
**तस्य शुध्दिनं विद्येत, चान्द्रायणशतैरपि ।। ऋषीश्वरभारत-वैदिकदर्शन.**

ચાતુર્માસમાં પણ જે રાત્રિભોજન કરે છે તેના પાપની શુદ્ધિ સેંકડો ચાન્દ્રાયણતપથી પણ નથી થતી.

અર્થાત્ સર્વે શાસ્ત્રોમાં મદિરા-દારૂ, માંસ, રાત્રિભોજન અને કંદમૂળના ત્યાગનો જ ઉપદેશ આપેલ છે. અને તેનું ફળ સર્વ મનોરથ સિદ્ધિ અને ઘરે બેઠા તીર્થયાત્રા વગેરે જણાવેલ છે.

મદિરા-દારૂ, માંસ ભક્ષણ, રાત્રિભોજન અને કંદમૂળ ભક્ષણમાં અનેક જીવોની હિંસા થાય છે અને તે હિંસાનું ફળ ઉપર જણાવ્યા અનુસાર નરકના દુ:ખો જ છે, તેથી જ તેનો ત્યાગ કરાવેલ છે. અને તેના ત્યાગથી થતી અહિંસા અનુમોદનિય છે તે જણાવેલ છીએ.

**यो दद्यात् काञ्चनं मेरुं, कृत्स्नां चैव वसुंधराम् ।**
**एकस्य जीवितं दद्यात्, न च तुल्यं युधिष्ठिर ! ।। महाभारत**

હે યુધિષ્ઠિર ! જે એક સોનાના મેરુનું દાન કરે છે અથવા આખી પૃથ્વીનું દાન કરે છે અને બીજો એક પ્રાણીને જીવનદાન (અભયદાન) આપે છે એ બન્ને ને સરખાવી શકાતા નથી (કારણ કે જીવનદાન અધિક શ્રેષ્ઠ છે).

**न भू प्रदान न सुवर्ण दान न गो प्रदानं न तथान्न दानं।**
**यथा वदान्तीह महा प्रदानं सर्वेषु दानेषु अभय प्रदानम् ।।**

સુવર્ણ, પૃથ્વી, ગાય અને અન્નદાનથી પણ અભયદાનને મહાદાન કહેવામાં આવ્યું છે.

**दीर्घमायु: परं रुपमारोग्यं श्लाघनीयता ।**
**अहिंसाया: फलं सर्व, किमन्यत् कामदैव सा ।। योगशास्त्र प्र.२.**

દીર્ઘ આયુષ્ય, શ્રેષ્ઠરુપ, આરોગ્ય, પ્રશંસનીયતા, સર્વે અહિંસાના ફળ જાણો. વધારે શું કહું, અહિંસા કામધેનુ સમાન છે.

અર્થાત્ મદિરા-દારૂ, માંસ ભક્ષણ, રાત્રિભોજન અને કંદમૂળ ભક્ષણના ત્યાગથી જે અહિંસાનું પાલન થાય છે, તેને જગતનું સર્વ શ્રેષ્ઠ દાન જણાવેલ છે અને તેનું ફળ કામધેનુ સમાન અર્થાત્ સર્વ મનોરથ સિદ્ધિરુપ જણાવેલ છે.

મજ્ઝિમનિકાયના કીટાગિરિસૂત્રમાં કહ્યું છે કે- એક વખત બહુ મોટા ભિક્ષુ સંઘ સાથે ભગવાન બુદ્ધ કાશીમાં હતા. ત્યારે ભગવાને ભિક્ષુઓને બોલાવ્યા અને કહ્યું "ભિક્ષુઓ ! હું રાત્રિભોજનના ત્યાગ-પૂર્વક ભોજન કરુ છું. રાત્રિભોજનના ત્યાગ-પૂર્વક ભોજન કરવાથી આરોગ્ય, ઉત્સાહ, બળ, સુખપૂર્વક વિહારનો અનુભવ કરુ છું. આવો ભિક્ષુઓ ! તમો પણ રાત્રિભોજનના ત્યાગ-પૂર્વક ભોજન કરો, રાત્રિભોજનના ત્યાગ-પૂર્વક ભોજન કરવાથી તમે પણ તેનો અનુભવ કરશો."

અર્થાત્ ભગવાન બુદ્ધે પણ રાત્રિભોજન ત્યાગનો જ ઉપદેશ આપેલ છે.

# સંકલનકાર: CA. જયેશ મોહનલાલ શેઠ.

સંકલનકારના પુસ્તકો WWW.JAYESHSHETH.COM ઉપર ઉપલબ્ધ છે.